# ડીસા નાયબ કલેક્ટરે બે ઈસમોને પાંચ જિલ્લામાંથી તડીપાર કર્યા

ડીસા, તા. ૪

બનાસકાંઠા જીલ્લામાં તાલુકા પંચાયત તેમજ જીલ્લા પંચાયતની ચુંટણી માહોલ વચ્ચે જાહેર સુલેહ શાંતીની પરીસ્થિતી જળવાઈ રહે તે માટે અને કાયદો તથા વ્યવસ્થા કાયમ રહે તે માટે ડીસાના નાયબ કલેક્ટર બી.કે. પટેલ દ્વારા તેમને મળેલી સત્તાની રૂએ બે ઈસમોને પાંચ જીલ્લામાંથી તડીપાર કરતો હુકમ કર્યો હતો. જેનાંથી અસામાજીક તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

આ અંગે મળેલ પ્રાપ્ત વિગતો જોતા ડીસાના નાયબ કલેક્ટર બી.કે. પટેલ દ્વારા તાજેતરમાં યોજાયી રહેલ તાલુકા પંચાયત તેમજ જીલ્લા પંચાયતની ચુંટણીઓમાં અનુલક્ષી જાહેર સુલેહ વ્યવસ્થા અને કાયદો જળવાઈ રહે તે માટે અધિકારીક સ્તરના કેટલાક ઉચીત પગલા લીધેલ છે. જેમાં ડીસા પંથકમાં શરીર સંબંધી વિવિધ ૭ કહેવાતા ગુનાઓમાં સંડોવાયેલા અમરતજી વાઘાજી ઠાકોર રહે. બેકરીકુવા, ડીસા. વાળાઓને તેમજ "ોહિબીશન લગતા વિવિધ ચાર કેસોમાં સંડોવાયેલા અરજણબાઈ ધનાજી દેસાઈ રહે. ખીમાણાવાસ, તા. વાવ હાલ રહે. ડાયમંડ સોસાયટી, ડીસા. વાળાઓને બોમ્બે પોલીસે એક્ટ ૧૯૫૧ કલમ ૫૯ હેઠળ નોટીસો ઈસ્યું કરી તેમની અસામાજીક પ્રવૃતિઓ વિરૂધ્ધ સુનાવણી હાથ ધરી હતી.

જેમાં નાયબ કલેક્ટર ડીસાએ આ બંન્ને ઈસમોને તેમને મળેલી સત્તાની રૂએ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા કચ્છ સહીતના પાંચ જીલ્લાઓમાંથી બે વર્ષ માટે તડીપાર કરતો હુકમ કર્યો હતો. નાયબ કલેક્ટર બી.કે. પટેલના આ ન્યાયીક હુકમની અમલ બજવણી થતાં સમગ્ર પંથકમાં અસામાજીક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

## આજે પ્રાંતિજની ૨૧ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી હાથ ધરાશે

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ તાલુકાના ૨૧ ગામડાઓની ગ્રામ પંચાયતની ચૂંટણી ૩જી ફેબ્રુઆરીના રોજ યોજાઈ હતી. આ તમામ ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી કાલે પ્રાંતિજની એમ.સી. દેસાઈ કોલેજ ખાતે ચૂંટણી અધિકારી અને તંત્રની દેખરેખ હેઠળ મતગણતરી કરવામાં આવશે.

પ્રાંતિજની એમ.સી. દેસાઈ કોલેજ ખાતે કાલે સવારે નવ વાગેથી મતોની મતગણતરી શરૂ થશે. ૨૧ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરીમાં મુખ્ય ચૂંટણી અધિકારી-૭, મદદનીશ ચૂંટણી અધિકારી-૭, ગણતરી સુપરવાઈઝર-૭, મદદનીશ સુપરવાઈઝર-૭ સહિત અન્ય સ્ટાફની મદદથી ૨૧ ગ્રામ પંચાયતોના ૬૯ જેટલા ઈ.વી.એમ. મશીનોમાં સરપંચ પદના ઉમેદવારોની ગણતરી થશે. તેમજ વોર્ડના સભ્યોના ૭૧ ઈ.વી.એમ. મશીનો દ્વારા ૨૪૦ સભ્યોની મતગણતરી કરવામાં આવશે. મતગણતરી હોવાથી ઉમેદવારો તેમના ટેકેદારો સાથે આવતા હોવાથી તંત્ર દ્વારા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# ધનસુરામાં નજીવી બાબતે બે જુથો વચ્ચે પથ્થર મારો

ધનસુરા, તા.૪

ધનુરામાં આવેલ લક્ષ્મીપાર્ક સોસાયટીના રહીશો તેમજ સોસાયટીના નાકે વસતા લોકો વચ્ચે રસ્તા બાબતે તકરાર થતા મામલો બિચકયો હતો અને સામસામે જોરદાર પથ્થર મારાના દશ્યો સર્જાતા એક વ્યકિત ઘવાયો હતો. પોલીસે ઘાયલોને સાવાર અર્થે ખસેડી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા ખાતે લક્ષ્મીપુરા સોસાયટી આવેલી છે. જયાં સોસાયટીના નાકા પર અનેક લોકોએ કાચા મકાન ઉભા કરી દીધા છે. પરિણામે સોસાયટીના રહીશોને વાહન લઈ અથવા તો ચાલતા અવરજવર કરવા માટે મુશ્કેલીઓ વેઠવી પડે છે. આ દરમિયાન બે દિવસ પહેલા સોસાયટીના આગળના ભાગે તંત્ર દ્વારા ગટરલાઈન નાખવા માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. જેથી કાદવ કિચડ થયો હતો અને રાહદારીઓને અવરજવર માટે પરેશાની થતા તેઓએ ભેગા મળી માટીનું ટ્રક ત્યાં નખાવ્યું હતુ પરંતુ બિનકાયદેસર મકાન ઉભા કરનાર લોકોએ માટી ન નાખવા દઈ ઝઘડો ઉભો કર્યો હતો અને બંને પક્ષો વચ્ચે બોલાચાલી ઉગ્ર બનતા મામલો બિચકયો હતો. અને જોરદાર પથ્થર મારો થયો હતો જેમાં એક વ્યકિત ઘાયલ પણ થયો હતો જેને સારવાર અર્થે મોડાસા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે પોલીસે સોસાયટીના રહીશોની ફરિયાદને મામલે સામે પક્ષો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બાયડ એન. એચ. શાહ હાઈસ્કૂલ ખેલ મહાકુંભમાં ઝળકી

બાયડ, તા. ૪

રાજ્ય સરકાર આયોજીત ખેલમહાકુંભ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાકક્ષાની અંડર-૧૯ રસ્સાખેંચ સ્પર્ધામાં બાયડની એન.એચ. શાહ હાઈસ્કૂલની ભાઈઓ તેમજ બહેનોની ટીમે ફાયનલમાં વિજેતા બની જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

ખેલમહાકુંભભ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાકક્ષાની અંડર-૧૯ રસ્સા ખેંચની સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં જિલ્લા કક્ષાની વિવિધ શાળાના રમતવીરોએ ભાગ લીધો હતો. આ રસ્સાખેંચ સ્પર્ધામાં બાયડ તાલુકાની એન.એચ. શાહ હાઈસ્કૂલની ભાઈઓ તેમજ બહેનોની ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલમાં વિજેતા જાહેર થયા હતા. વિદ્યાર્થીઓની આ સ્વર્ણિમ સિદ્ધિ બદલ વ્યાયામ શિક્ષક સાજીદ મીરઝા, રોનક પટેલ, વિજયભાઈ પટેલ તેમજ મંડળના ચેરમેન મોતીભાઈ પટેલ, હિરાભાઈ પટેલ આચાર્ય ઉન્મેશભાઈ પટેલ વગેરે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ડીસા શહેર પોલીસનો દારૂ જુગારના અડ્ડાઓ પર દરોડો

ડીસા, તા. ૪

ડીસા શહેરમાં દારૂ અને જુગારની અસામાજીક પ્રવૃતિઓ પર કડકાઈએ કાબુ મેળવવા શહેર પોલીસ સ્ટાફ દ્વારા દારૂ અને જુગારના શકમંદ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતાં. જેમાં જુગાર રમતા પાંચ અને દારૂ વેચાણ કરતો એક શખ્સ મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપાયા હતાં. આ તમામ વિરૂધ્ધ શહેર પોલીસે ગુનો દાખલ કરી જેલ હવાલે કરેલ છે.

ડીસા શહેરમાં અસામાજીક પ્રવૃત્તિઓને કડકાઈએ ડામવા શહેર પી.આઈ. આર.એમ. ભદોરીયાની સુચનાએ ડી સ્ટાફના એ.એસ.આઈ. મણીલાલ તેમજ પો.કો. મુકેશભાઈ, હસમુખભાઈ પરમાર વિગેરે દ્વારા વિવિધ ટીમો બનાવી દરોડા કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં તેરમીનાળા વિસ્તારમાં રહેતા બાબુભાઈ વાલજીભાઈ રાઠોડના રહેણાંકના મકાનમાં દરોડા કાર્યવાહી દરમ્યાન વિવિધ બ્રાન્ડના દારૂ તેમજ બિયરની કુલ ૧૭૮ બોટલો કી.રૂા. ૨૫,૨૫૦ મળી આવ્યા હતાં.

આ મામલે એ.એસ.આઈ. મણીલાલે આરોપી બાબુભાઈ વાલજીભાઈ રાઠોડ વિરૂધ્ધ પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરેલ છે.

જયારે અન્ય દરોડા કાર્યવાહીમાં ડી સ્ટાફ દ્વારા શહેરના બેકરીકુવા વિસ્તારમાં સંતોષી માતાના મંદિર પાછળ પોલીસે દરોડો પાડ્યા હતો. જેમાં ગંજી પાનાનો જુગાર રમતાં બીપીન લક્ષ્મણભાઈ પરમાર, નિલેશભાઈ જેન્તીભાઈ ઉર્ફે શાંતીલાલ પરમાર, પંકજ લક્ષ્મણભાઈ પરમાર, રાજેન્દ્રસીંહ ઉર્ફે. વિજયસીંહ જીવણજી, શાંતીજી જેન્તીજી તમામ રહે. બેકરીકુવા, ડીસાવાળાઓ રૂા. ૫,૬૦૦ તથા ચાર મોબાઈલ કિં. રૂા. ૪૫૦૦ મળી કુલ. રૂા. ૧૦,૧૫૦ અને જુગાર સાહિત્ય સાથે રંગે હાથ ઝડપાયા હતાં. આ તમામ વિરૂધ્ધ ડીસા શહેર પોલીસે જુગાર ધારા અન્વયે ગુનો દાખલ કરી આ પાંચેય આરોપીઓની ધરપકડ કરી હતી. આમ શહેર પોલીસે વિવિધ બે દરોડામાં દારૂ તેમજ જુગારના ગુનામાં રંગે હાથ ઝડપાયેલા છ ઈસમોને જેલમાં ધકેલી દેતા અસામાજીક તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

## ડીસાની સોમનાથ સોસાયટીના એક મકાનમાંથી અંદાજિત એક લાખની ચોરી

ડીસા, તા. ૪

ડીસા શહેરી વિસ્તારમાં આવેલ સોમનાથ ટાઉનશીપ સોસાયટીમાં ગતરાત્રીએ કેટલાક અજાણ્યા તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. અને તેમાં ઘુસી રોકડ રકમ તેમજ સોના-ચાંદીના દાગીના સહિત અંદાજીત એકલાખની માલમત્તાની ચોરી કરી હતી. આ મામલે ડીસા શહેર પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરેલ છે.

આ અંગે મકાન માલીક કિશોરભાઈ ચૌહાણે માહિતી આપતા જણાવેલ કે મુંબઈ ખાતે અમો પરિવાર સાથે સામાજીક કામે બહાર ગયા હતાં. તે તકનો લાભ લઈ અજાણ્યા તસ્કરોએ સોમનાથ સોસાયટી ખાતેના અમારા મકાનમાં ઘુસી ચોરી કરેલ છે. તસ્કરો મારી પુત્ર વધુના ત્રણ તોલાના દાગીના, દસ હજાર રોકડા તેમજ ૨૫૦ ગ્રામ ચાદીના દાગીના ચોરી ગયેલ છે. જોકે આ ઘટનાની ડીસા શહેર પોલીસને જાણ થતાં શહેર પોલીસે આ મામલે અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા ધનીષ્ટ તપાસ હાથ ધરેલ છે. જયારે બીજી તરફ શહેરમાં સમયાંતરે થતાં ચોરીના બનાવોથી શહેરી જનોમાં અસલામતી સાથે ભય અનુંભવાઈ રહ્યો છે. આ ચોરીઓ અટકાવવા શહેર પોલીસે જન-જાગૃતિ અભિયાન તળે નાગરીકો શજાગ બને તે માટે પત્રિકોઓની પણ વહેંચણી કરી હતી. જોકે આ તમામ બાબતો વચ્ચે ચોરીનો શીલશીલો જારી રહેતાં આ તસ્કરોને ઝડપી પાડવાં તાત્કાલીક કાર્યવાહી હાથ ધરાય તેવી શહેરીજનોની ન્યાયીક માંગ છે.

## હિંમતનગરમાં દારૂલ ઉલ્મ હસનિયાનો સિલ્વર જયુબીલી કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આગામી ૯મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ જામેઅ-મસ્જિદ કેમ્પસ હસન શહીદ દરગાહ મુકામે નમાઝે ઈશા દારૂલ ઉલ્મ હસનિયાનો જશ્ને દિસ્તાજે ફઝીલતનો કાર્યક્રમ યોજાશે. જેમાં ખતીબે એશિયા વ યુરોપ હાફિઝોકારી સૈયદશાહ મહમ્મદ નૂરાની મિયા તકરીર ફરમાવશે. આ કાર્યક્રમમાં ૧૧ ઉલ્મા, ૮ હુફફાઝ, ૧૭ કુરા, ૩૦ કારીઆ, ૮ મુબલ્લિગાત સહિત ૭૩ તુલલાઓને સનદ આપવામાં આવશે. ઉપરાંત ૧૦મી ફેબ્રુઆરીએ દારૂલ ઉલ્મ હસનિયાના હોલમાં બાદ નમાઝે ઝોહર મહિલાઓનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

આ પ્રસંગે હઝરત અલ્લાનાં વ મૌલાના મહમ્મદ અકબર રીઝવી સહિતના અગ્રણીઓ હાજર રહેશે તેમ સંસ્થાના પ્રમુખ હાજી મોહમંદ હાજી અબ્દુલ હકીન મુતવલ્લીએ જણાવ્યું છે.

## લાખવડમાં ભાગ્ય વિધાતા લગ્ન મેળાપનો સમારંભ સંપન્ન

ભાગ્ય વિધાતા લગ્ન મેળાપ બ્યુરો મહેસાણા દ્વારા લાખવડમાં વણકર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હોત.

પાટીદાર સમાજના અગ્રણી પ્રહલાદભાઈ પટેલ, આશિષ પટેલ, રામભાઈ પટેલ, ડૉ. પી.એ. પરમારે માર્ગદર્શન આપ્યું હતું. પી.કે. રણુંજકરે સંસ્થાની પ્રવૃત્તિઓ વિષે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પૂનમચંદ પરમારે કર્યું હતું. સ્થાનિક અગ્રણીઓ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## રોટરી કલબ ઓફ પાલનપુર સીટી દ્વારા દાતા કવિનભાઈ પરીખ અને પ્રવિણભાઈ કોઠારીનું બનાસરત્ન એવોર્ડથી સન્માન કરાયું

પાલનપુર, તા.૪

પાલનપુર સહિત જિલ્લામાં નિઃસ્વાર્થ સેવાની સરિતા વહાવનાર અગ્રણી ઉદ્યોગપતિ અને દાતાશ્રી કવિનભાઈ પરીખ અને શ્રી પ્રવિણભાઈ કોઠારીનું રોટરી કલબ ઓફ પાલનપુર સીટી દ્વારા બનાસરત્ન એવોર્ડથી સન્માન કરાયું હતું.

પાલનપુર ખાતે ડીસ્ટ્રીકટ ગવર્નર આશિષભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમારંભને પ્રારંભે રોટરી કલબના પ્રમુખ અને ધારાસભ્ય મહેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કરી સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે ઉપપ્રમુખ ડૉ. દર્શન શાહે કવિનભાઈ પરીખની જીવન ઝરમરનો પરિચય આપ્યો હતો. જયારે હર્ષદભાઈ મહેતાએ રોટરી કલબ દ્વારા અપાતા બનાસરત્નના એવોર્ડ અંગે જણાવી છેલ્લા સાત વર્ષથી અપાતા આ એવોર્ડમાં સામાજીક, સાહિત્યીક, રાષ્ટ્ર સેવા ટેકનોલોજી સહિત સેવાકીય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર બનાસકાંઠાના પનોતા પુત્રોનું બનાસરત્ન એવોર્ડથી સન્માન કરાયું હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે અરૂણભાઈ મહેતા, શ્રેણીકભાઈ ચોકસી, આશીષભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. જયારે કાર્યક્રમનું સંચાલન ડૉ. જયેશ બાવીશીએ કર્યુ હતું તથા આભારવિધિ સેક્રેટરી જયંતિભાઈ પટેલે કરી હતી.

આ પ્રસંગે મંજુબેન પરીખ, ડૉ. વિક્રમભાઈ મહેતા, પિયુષભાઈ કોઠારી, અજીતભાઈ અગ્રવાલ, સરયુબેન કોઠારી, વિરચંદભાઈ ખડાલીયા, હસમુખભાઈ મોદી, મેહુલભાઈ વ્યાસ, અશોક મંગલ સહિત રોટેરીયન સભ્યો, મિત્રો, શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા તથા જરૂરીયાતમંદ વ્યકિતઓને રોજગારીના સાધનો સાથે બાળકોને સ્કોલરશીપના ચેક અપાયા હતા.

# ડીસાના માર્કેટયાર્ડ પાસે અજાણ્યા વાહનની ટક્કરે બેના કરૂણ મોત

ડીસા, તા. ૪

ડીસાના માર્કેટયાર્ડ નજીક ટાફે ટ્રેકટર શોરૂમ પાસે આજે વહેલી સવારે પાલનપુરથી ડીસા તરફ આવતા રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે ગફલત ભર્યા ડ્રાઈવિંગે મોટરસાઈકલ પર સવાર બે યુવકોને ટર મારતાં બંન્નેના શરીરના વિવિધ અંગો કચડાઈ દુર સુધી ફેલાયા હતાં. અને બંન્ને ઘટના સ્થળેજ મોતને ભેટ્યા હતાં. આ મામલાની જાણ થતાં ડીસા શહેર પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતકોની લાશનો કબજો સંભાળી તેને ડીસાની સરકારી હોસ્પીટલમાં પી.એસ.અર્થે ખસેડી હતી. આ મામલે ડીસા શહેર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી ધોરણસર તપાસ હાથ ધરેલ છે.



આજે સવારે નવુભા બાબુસીંહ વાઘેલા ઉ.વર્ષ. ૨૨, રહે. ઉમરી, તા. કાંકરેજ, હાલ રહે. મોટી આખોલ, તા. ડીસાવાળાઓ પાલનપુરથી ડીસા તરફ તેમની મોટરસાઈકલ પર સવાર થઈ આવતાં હતાં. તેમની પાછળ તેમનો મિત્ર કમલેશભાઈ શ્યામળભાઈ ચૌધરી રહે. મોરથલ, તા. થરાદવાળાઓ પણ સવાર હતાં. આ બંન્ને યુવકો પાલનપુરથી ડીસાના માર્કેટયાર્ડ નજીક પહોંચ્યા હતાં. તે દરમ્યાન કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન ગફલત ભરી રીતે હંકારી આગળ જતાં મોટરસાઈકલને જોરદાર ટર મારી હતી. જેથી આ બંન્ને મોટરસાઈકલ સવારો હાઈવે રોડ પર પટકાયા હતાં.

જોકે વાહન ચાલકે અકસ્માત કરી ભાગી જતાં બંન્ને યુવકો વાહનનાં તોતીંગ ટાયરો તળે ચગદાયા હતાં. જેથી બંન્ને યુવકોના શરીરના ફુરચે-ફુરચા ઉડી ગયા હતાં. આ ગોઝારા અકસ્માતમાં એક યુવકની ખોપરી જુદી થઈ રોડ પર અનેક ટુકડાઓમાં દુર સુધી ફંગોળાઈ હતી. આ ઘટનાની જાણ થતાં સર્વ પ્રથમ લીલાશા ચેરીટેબલ ટ્રસ્ટના સેવાભાવી મનુભાઈ આસ્નાની બનાવ સ્થળે પહોંચ્યા હતાં. જોકે વહીવટી તંત્રમાં એકમાત્ર પોલીસમેન સીવાય અન્ય કોઈ વ્યવસ્થા મદદ ન મળતાં મૃતકોની ક્ષતવિક્ષિત લાશોને મનુભાઈ આસ્નાનીએ પી.એમ. રૂમ સુધી ભારે જહેમતે પહોંચાડી હતી. આ મામલે મૃતકના પિતા બાબુસીંહ ખેમસીંહ દરબારની ફરીયાદ આધારે ડીસા શહેર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ડીસા સીટી ફસ્ટ. ગુ. રજી. નં. ૨૮/૨૦૧૩ આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૦૪ (અ) વિગેરે મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે. જેની વધુ તપાસ ડીસા શહેર પી.એસ.આઈ. જે.બી. આસોડીયા ચલાવી રહ્યા છે.

## હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાની અંધજન ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લા અંધજન મંડળ દ્વારા હિંમતનગરના ડી.એસ.પી. ગ્રાઉન્ડ ખાતે આંતર જિલ્લા અંધજન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. અંધ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર ડી.એસ.પી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ અંધજન ક્રિકેટ ટુર્નામેન્ટમાં સાબરકાંઠા, બનાસકાંઠા અને કચ્છ જિલ્લા સહિત ત્રણ ટીમોના અંદાજે ૪૦ જેટલા અંધ ક્રિકેટ ખેલાડીઓએ ભાગ લીધો હતો ટુર્નામેન્ટ અંગે અંધજન મંડળના સેક્રેટરી ભાસ્કર મહેતા અને ઉપપ્રમુખ સર્વાનંદભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે અંધજનોનું પુનઃવસન ઉપરાંત તેમનામાં રહેલી આંતરીક શક્તિઓ વિકસાવવા કરવામાં આવ્યું છે. સૌપ્રથમ વાર જિલ્લામાં આયોજન થતાં અંધજનો લાભાર્થી ખેલાડીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. અંધ ખેલાડીઓની ક્રિકેટ મેચ જોવા માટે અને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. આ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ કર્યુ હતું. અને અધ્યક્ષસ્થાને ડી.વાય.એસ.પી. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અંધજન ક્રિકેટ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮